# જાહેર નિવિદા

નેશનલ હેલ્થ મિશન હેઠળ ૧૧ માસ માટે કરાર આધારીત કોમ્યુનીટી હેલ્થ ઓફીસરની અમદાવાદ જિલ્લાની ખાલી જગ્યા માટે માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.30/09/૨૦૨૩ થી તા.07/10/૨૦૨૩ સુધીમાં આરોગ્ય વિભાગના પોર્ટલ https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેમજ ઉમેદવારો દ્વારા ભરેલ વિગતોમાં રૂબરૂ ચકાસણીમાં વિસંગતતા જણાશે તો તે ઉમેદવારનું અરજી ફોર્મ રદ ગણવામાં આવશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

નોંધ : સાદી ટપાલ / કુરીયર / રૂબરૂથી / સ્પીડ પોસ્ટ / આર.પી.એડી.થી આવેલ અરજીઓ રદ ગણવામાં આવશે.

સભ્ય સચિવ
ડિસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી અને
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
જીલ્લા પંચાયત અમદાવાદ
૭,મો માળ લાલ દરવાજા

ન.ડીપી/સી.એચ.ઓ./ભરતી/જાહેરાત/1610/૨૦૨૩

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા પંચાયત, અમદાવાદ

# કોમ્યુનિટી હેલ્થ ઓફિસરની ભરતી જાહેરાત

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત અમદાવાદ જીલ્લામાં આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પ્રોગ્રામ હેઠળ મંજુર થયેલ પેટા આરોગ્ય કેન્દ્રો ખાતેના કોમ્યુનીટી હેલ્થ ઓફીસર(CHO) ની ખાલી રહેલ જગ્યાઓ પર કરાર આધારીત ૧૧ માસ માટે ભરવા માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોની ભરતી કરવાની થાય છે. તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ માટે પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની થાય છે. ઇચ્છુક ઉમેદવારોએ અરજી તા.30 /09 /૨૦૨૩ના રોજ થી **https://arogysathi.gujarat.gov.in/** પર તા. 07/ 10/૨૦૨૩ (દિન -8) માં રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી ઓનલાઇન ભરવાની રહેશે. નિયત સમયબાદ કરેલ અરજીઓ માન્ય ગણાશે નહી ભરતી પ્રકીયા મેરીટના આધારે કરવામાં આવશે.

નોંધ – સાદી ટપાલ/કુરીયર/રૂબરૂ/સ્પીડ પોસ્ટ/ આર પી એડી થી આવેલ અરજીઓ રદ ગણવામા આવશે

| જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | ફિક્સ મહેનતાણું |
|---|---|---|
| કોમ્યુનીટી હેલ્થ ઓફીસર (CHO)<br>કુલ ખાલી જગ્યા - ૨૦<br>વય મર્યાદા ૪૦ વર્ષ | ૧. BAMS / GNM /B.Sc નર્સીંગની સાથે SIHFW વડોદરા દ્વારા બોન્ડેડ સરકાર માન્ય સંસ્થામાં સર્ટીફીકેટ કોર્ષ ઇન કોમ્યુનીટી હેલ્થ (બ્રીજ કોર્ષ) કરેલ (આ ઉમેદવારોને ભરતીમાં પ્રાથમિકતા આપવામાં આવશે.) અથવા<br>૨.CCCH નો કોર્ષ B.Sc નર્સીંગ તથા પોસ્ટ બેઝીક નર્સીંગના કોર્ષમાં જુલાઇ – ૨૦૨૦ થી સામેલ કરેલ હોય તેવી સંસ્થાઓ ખાતેથી જુલાઇ -૨૦૨૦ કે ત્યારબાદ પાસ થયા હોય તેવા B.Sc નર્સીંગ પાસ થયેલ ઉમેદવારો | રૂ. ૨૫,૦૦૦/- ફિક્સ + ૧૦,૦૦૦/- સુધી પરફોર્મન્સ લીંક ઇન્સેન્ટીવ |

૧. ભરતી પ્રક્રિયા સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ મેરીટ પ્રમાણે કરવામાં આવશે.

૨. એક સરખા મેરીટના કિસ્સામાં જે ઉમેદવારની વય વધારે હશે તેમને અગ્રતા આપવામાં આવશે.

૩. નિમણૂંક પામેલ ઉમેદવારની અન્ય જીલ્લામાં બદલી થઇ શકશે નહિ.

૪. અધુરી વિગતો વાળી કે ખુટતા ડોક્યુમેન્ટ વાળી અરજી ધ્યાને લેવામાં આવશે નહિ.

૫. શૈક્ષણિક લાયકાત સબબના તમામ પ્રમાણપત્રોની ઓરીજીનલ અને પ્રમાણિત નકલ

૬. ઓરીજીનલ આઇ.ડી. પ્રુફ અને તેની પ્રમાણિત નકલ

૭. ઓરીજીનલ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અને તેની પ્રમાણિત નકલ

૮. CCCH નું પ્રમાણપત્ર / માર્કશીટ પ્રમાણિત નકલ

૯.પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ – ૧

૧૦. નિમણૂંક અંગેનો આખરી નિર્ણય નેશનલ હેલ્થ મિશનની પ્રવર્તમાન શરતો તથા ભરતી કમિટીને આધીન રહેશે.

શરત – આ ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોએ પસંદગીના સ્થળે હાજર થયા બાદ ઓછામાં ઓછા ૧૧ માસ સુધી અન્યત્ર જગ્યાએ બદલી કે રાજીનામાની અરજી કરી શકશે નહિ. જે માટે ઉમેદવારે બાંહેધરી પત્રક હાજર થયે રજુ કરવાનું રહેશે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા પંચાયત, [illegible]